સાબરકાંઠા લોકસભાના ૧૦ ઉમેદવારો

૧.	શંકરસિંહ વાઘેલા	કોંગ્રેસ
૨.	દીપસિંહ રાઠોડ	ભાજપ
૩.	ચંદુભાઈ ભાંભી	બસપ
૪.	ભોગીલાલ પટેલ	જનતાદળ
૫.	આરીફ અ. લતીફ શેખ	સમાજવાદી પાર્ટી
૬.	ઈશ્વરભાઈ પટેલ	અપક્ષ
૭.	પુરષોત્તમભાઈ પટેલ	અપક્ષ
૮.	બાલુસિંહ નરવે	અપક્ષ
૯.	શાંતિલાલ વેલાણી	અપક્ષ
૧૦.	છગનભાઈ સોલંકી	અપક્ષ

સાબરકાંઠા-લોકસભા બેઠક પર ૧૦ ઉમેદવારો જંગમાં

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા લોકસભા બેઠક માટે ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિવસ સુધીમાં ૬ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા હવે ભાજપ-કોંગ્રેસ સહિત ૧૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે જ્યારે હિંમતનગર વિધાનસભામાં બે ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતાં ૧૧ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા છે. વિધાનસભામાં ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે હરિફાઈ રહેશે.

ઉમેદવારી પત્રો પરત ખેંચવાના શનિવારે અંતિમ દિવસે સાબરકાંઠા લોકસભા બેઠક માટે બે ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા. અગાઉ ૪ ઉમેદવારો ચૂંટણી જંગમાંથી હટી જતાં હવે ૧૦ ઉમેદવારો વચ્ચે મુકાબલો થશે. જ્યારે હિંમતનગર વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડા, આમ આદમી પાર્ટીના ફારૂક ખણુસીયા અને કોંગ્રેસના વિપુલ પટેલ વચ્ચે ત્રિકોણીયો જંગ ખેલાશે.

લોકસભાની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર પુર્વ મુખ્યમંત્રી અને વિધાનસભા પુર્વ મુખ્યમંત્રી અને વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને ભાજપના ઉમેદવાર પુર્વ ધારાસભ્ય દિપસિંહ રાઠોડ વચ્ચે સીધો મુકાબલો થશે. ચૂંટણીને આડે ૧૭ દિવસ બાકી છે. મતદારોનું અકળ મૌન ઉમેદવારોને અકળાવી રહ્યું છે.

વિધાનસભાના ૧૧ ઉમેદવારો

૧.	રાજેન્દ્રસિંહ ચાવડા	ભાજપ
૨.	વિપુલ પટેલ	કોંગ્રેસ
૩.	ફારૂક ખણુસીયા	આમ આદમી પાર્ટી
૪.	રોશનબાનુ અંસારી	બસપા
૫.	નારાયણસિંહ સીસોદીયા	અપક્ષ
૬.	લાલસિંહ પરમાર	અપક્ષ
૭.	સુરેન્દ્રસિંહ ચૌહાણ	અપક્ષ
૮.	મુસ્તાકભાઈ સંઘાણી	અપક્ષ
૯.	મોબીનભાઈ ધાંગા	અપક્ષ
૧૦.	ચંદ્રશેખર પટેલ	અપક્ષ
૧૧.	જયંતિભાઈ પટેલ	અપક્ષ

ખેડબ્રહ્મા વિધાનસભા મત વિસ્તારમાં ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ માટે એફ.એસ.ટી. અને એસ.એસ.ટી.ની ટીમો કાર્યરત

ખેડબ્રહ્મા, તા. ૧૨

લોકસભા સામાન્ય ચૂંટણી ૩૦ એપ્રિલ ૨૦૧૪ના રોજ યોજાનાર હોઈ સદરહું ચૂંટણી કોઈપણ પ્રકારના પ્રલોભન, લાલચ અથવા મતદારોમાં કોઈપણ પ્રકારના ભય વગર નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તે માટે તથા ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે ચૂંટણીપંચની સુચના મુજબ ફ્લાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમ વિગેરેની રચના કરવામાં આવેલ છે. સદર ટીમો દ્વારા જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ મતદારોને રીજવવા ગેરકાનુની ચીજો અથવા ગેર કાયદેસર નાણાંની હેરફેર રોકવા માટે સઘન કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

ખેડબ્રહ્મા મત વિસ્તારમાં સ્ટેટીક સર્વેલન્સ માટે ત્રણ ટીમો કાર્યરત કરવામાં આવેલ છે. સદરહું ટીમો દ્વારા રાઉન્ડ ધ ક્લોક જુદા જુદા નાકાઓ ઉપર ચેકપોસ્ટ ઉભી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. તે જ રીતે ફ્લાઈંગ સ્કવોડની પણ ત્રણ ટીમો કાર્યરત કરવામાં આવેલ છે. સદરહું ટીમોને ચૂંટણી અંગેની કોઈપણ ફરીયાદ મળે તો તે અંગે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરવા સજ્જ કરવામાં આવેલ છે. જેમ જેમ ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ તેમ ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાઓમાં પણ સદરહું ટીમો દ્વારા કામગીરી સઘન બનાવવામાં આવેલ છે.

હિંમતનગર હાઈવે પર ટ્રકની ટક્કરે રિક્ષાચાલકનું મૃત્યુ

એક અઠવાડીયાથી ૨૩ વર્ષિય રિક્ષાચાલક હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હતો

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નેશનલ હાઈવે નં. ૮ પર અઠવાડીયા અગાઉ ટ્રક અને રિક્ષા વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં રિક્ષાચાલક યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. અઠવાડીયાથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા આ રિક્ષા ચાલકનું ગઈ સાંજે હોસ્પિટલમાં સારવાર દરમ્યાન પ્રાણપંખેરૂ ઉડી ગયુ છે. પોલીસે ટ્રકચાલક સામે ગુનો દાખલ કરી ફરાર ડ્રાઈવર આરોપીની શોધખોળ આરંભી છે.

છઠ્ઠી એપ્રીલ રવિવારના રોજ હિંમતનગરથી રિક્ષા લઈને નાનપુર તરફ જતો ૨૩ વર્ષિય યુવાન રિક્ષાચાલક જયેશ મંગળદાસ પટેલ ટ્રકની ટક્કરેથી ગંભીર રીતે ઘવાયો હતો. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ગઈ સમી સાંજે સારવાર દરમ્યાન તેનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકારણમાં શુદ્ધિકરણની શરૂઆત પોતાના ઘરમાંથી કરતી આમ આદમી પાર્ટી

ક્રિમીનલ કેસની માહિતી ફોર્મની વિગતોમાં છૂપાવનાર સાબરકાંઠાના ઉમેદવારને આદેશ કરી 'આપ' પાર્ટીએ ઉમેદવારી પત્ર પાછુ ખેંચાવ્યુ..!

સાબરકાંઠા, તા. ૧૨

લોકસભા ૨૦૧૪ની ચૂંટણી માટે ફોર્મ પાછુ ખેંચવાની આજે છેલ્લી તારીખ છે. ત્યારે આમ આદમી પાર્ટીના સાબરકાંઠાના ઘોષિત થયેલા ઉમેદવાર નટવરભાઈ સોલંકી પોતાનું ઉમેદવારીપત્ર પરત ખેંચ્યું હતું. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે કોઈ પણ નાગરિકે નિયત પત્રમાં પોતાની તમામ વિગતો આપવી ફરજીયાત છે. ઉમેદવારે આપેલી માહિતીના આધારે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પુરી થતા નટવરભાઈ સોલંકીનું નામ જાહેર થયું હતું.

સાબરકાંઠા મતવિસ્તારમાંથી મળેલા કેટલાક પ્રતીભાવોથી પાર્ટીને માહિતી મળી હતી કે નટવરભાઈ સોલંકીએ તેમના ઉપર ચાલુ ક્રિમીનલ કેસની માહિતી ફોર્મની વિગતોમાં છુપાવી હતી. જે અંગે તેમને ખુલાસો કરવા જણાવ્યું હતું. આ ખુલાસો સંતોષકારક ન જણાતા પાર્ટીએ તેમને આદેશ આપ્યો હતો કે તેઓ ઉમેદવારી પત્ર પાછુ ખેંચી લે અથવા તેમને પાર્ટીમાંથી દૂર કરવામાં આવશે. જે પ્રમાણે આજે સાબરકાંઠા ચૂંટણી અધિકારી પાસે નટવરભાઈ સોલંકીએ પોતાનું ઉમેદવારીપત્ર પાછું લેવાની વિગતો મળી છે.

જાહેર જીવનમાં નીતિમત્તાના મુલ્યોની સ્થાપના માટે અને રાજકારણમાં પરિવર્તન લાવવાના ઉદ્દેશથી આમ આદમી પાર્ટી પ્રયોગશીલ રાજકારણ કરે છે. ભારતીય લોકશાહીને મજબુત કરવા ચૂંટણીઓ જીતવી આવશ્યક છે પણ સિદ્ધાંતોના ભોગે રાજકારણ નહિ કરવાનો આમ આદમી પાર્ટીનો નિર્ધાર છે ત્યારે લોકસભાની મહત્વની ચૂંટણીઓ દરમ્યાન યોગ્ય ઉમેદવારને જ ચૂંટણી લડવા માટે પસંદ કરવાની પ્રતિબદ્ધતા આમ આદમી પાર્ટી બતાવે છે. કોઈ પણ ભ્રષ્ટાચારી કે દાગી વ્યક્તિઓને ચૂંટણીથી દૂર રાખીને રાજકીય કાર્યકર્તાઓ સાથે બેઠક યોજવામાં આવનાર છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસાના મુખ્ય બજાર વિસ્તારમાં મારૂતી ફ્રંટી ગાડી પાર્ક કરીને કાર માલીક બજારમાં ગયા હતા. જલાની શોપીંગ સેન્ટર સામે પાર્ક કરેલી આ મારૂતી ફ્રંટી ગાડી નં. જીજે-૧-એચ.એ.-૭૧૪૩માંથી અચાનક જ ધુમાડા નીકળવા લાગ્યા અને આગ ભભુકી ઉઠી હતી. ગાડીમાં આગ લાગતા ભારે અફડાતફડી મચી જવી પામી હતી. તાત્કાલિક નગરપાલિકાના ફાયર બ્રિગેડને જાણ કરાતા કાફલો ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. અડધી ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી જો કે અંદર પડેલો ગેસનો બાટલો સુરક્ષીત રહેતા મોટી જાનહાની ટળી હતી.

પ્રાંતિજના રસુલપુર પંથકમાં રાત્રીના સમયે અવાર નવાર ખોરવાતા વીજ પુરવઠાથી લોકો લોકો બેહાલ

પ્રાંતિજ, તા. ૧૨

નેશનલ હાઈવે નંબર આઠ પર આવેલા પૌરાણિક ભગવતી મહાકાળી માતાના મંદિર ખાતે છેલ્લા કેટલાક સમયથી વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. વીજ પુરવઠો ખોરવાઈ જતા ચોરોને મોકળુ મેદાન મળી જાય તેવી આશંકાઓ સેવાઈ રહી છે. તંત્ર દ્વારા વીજ પુરવઠો આવે તેવી માંગ ઉઠવા પામી છે. હિંમતનગર-પ્રાંતિજ હાઈવે પર રસુલપુર ગામે મહાકાળી માતાનું પૌરાણિક મંદિર આવેલુ છે. માતાજીના દર્શન કરવા માટે આજુબાજુના લાખો શ્રદ્ધાળુઓ સવારથી સાંજ સુધી દર્શનાર્થે આવતા હોય છે. અને શ્રદ્ધાળુઓ માટે મંદિર દ્વારા રામરોટી કેન્દ્ર પણ ચલાવવામાં આવે છે.

મંદિર જંગલ વિસ્તારમાં આવેલુ છે. ત્યારે અહિંયા છેલ્લા કેટલાક સમયથી વીજપુરવઠો ખોરવાઈ જાય છે. મંદિર જંગલ વિસ્તારમાં આવેલુ હોવાથી અહિંયા વીજળીની જરૂરીયાત રહેલી છે ત્યારે વીજતંત્ર દ્વારા વીજપુરવઠો ખોરવી લેવાના આકરા વલણથી શ્રદ્ધાળુઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

રાત્રિના સમયે વીજળીના અભાવે ચોરોને પણ મોકુ મેદાન મળી જતુ હોય છે. ત્યારે મંદિરના સત્તાદિશો દ્વારા સલાલ વીજ બોર્ડને વીજળી નિયમિત આપવા માટે રજુઆત કરવામાં આવી હતી. ત્યારે અધિકારીઓએ જણાવ્યું હતું કે રાત્રિના સમયે ખેડૂતો સિંગલ ફેઝમાંથી કેપેસીટલ લગાવી થ્રી ફેઈઝ વીજળી કરી બોર કુવા ચાલુ કરે છે.

તમારે વીજળી જોઈએ તો વીજળી ચોરી કરતા ખેડૂતોને પકડી લાવો નહિ તો અમે તો વીજ કાપ મુકીશુ જ. આવો ઉદ્ધતાઈ ભર્યો જવાબ સાંભળી મંદિરના ટ્રસ્ટીઓ ઢીલા થઈ પરત ફર્યા હતા. ત્યારે તંત્રના આવા જવાબથી શ્રદ્ધાળુઓમાં પણ ભારોભાર રોષ ભભુકી ઉઠવા પામ્યો છે.

મેઘરજ તાલુકા સરપંચ એસોસીએશન દ્વારા નરેગાના કૌભાંડ વિશે વિજીલન્સ કમીશનરને રજુઆત

રાજગોળ, તા. ૧૨

મેઘરજ તાલુકામાં અતિ વગોવાયેલુ અને ચર્ચાયેલું કરોડોના નરેગાનું કૌભાંડ વિશે મેઘરજના કેટલાક સરપંચો દ્વારા એક એસોસીએશન બનાવી વિજીલન્સ કમિશનર અને લોકાયુક્તમાં આધારભુત પુરાવા સાથે રજુઆત કરી છે. જે સરપંચોએ લાખો રૂપિયાનુંસ્થળ ઉપર કામ કરેલ છે તેઓને નાણા ચુકવવામાં આવ્યા નથી. જ્યારે કેટલાક લોકોએ સ્થળ ઉપર કોઈ પણ પ્રકારનું કામ કર્યા વગર લાખો રૂપિયાના નાણા ઉઠાવી લીધા છે. ચર્ચાનો વિષય એ પણ બન્યો છે કે કોઈપણ જાતનું કામ કર્યા વગર લાખો રૂપિયા ઉઠાવી લીધાના દાખલા મેગરજ સરપંચ એસોસીએશન દ્વારા લેખીત રજૂઆત કરેલ છે કે થયેલા કામના નાણા ચુકવાયેલા નથી અને મેઘરજના કેટલાક ફોલ્ડરીયા દ્વારા ખોખરીયા ગ્રામપંચાયત લાખો રૂપિયાનું નરેગાનું કામ ફરીથી ચાલુ કર્યુ છે. મેઘરજના નરેગાના કરોડોના કૌભાંડ બાબતે વિજીલન્સ દ્વારા તપાસ કરાવી જવાબદાર તંત્રો તથા વ્યક્તિઓ સામે યોગ્ય કાર્યવાહી થાય તેવી માંગ ઉઠવા પામી છે.

ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં બે નવયુવાનોએ દારૂના નશામાં ચકચુર બની તરખાટ મચાવ્યો

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં બે નવયુવાનોએ દારૂના નશામાં ચકચુર બની તરખાટ મચાવતાં નારણપુર ગામમાં ઓહાપો મચી જવા પામ્યો હતો. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ નારણપુર ગામમાં તા.૧૧/૪/૨૦૧૪ ના રોજ સમી સાંજે આરોપી (૧) મકવાણા સંદીપભાઈ રમેશભાઈ (૨) બામણીયા મોહિતભાઈ લક્ષ્મણભાઈ રહેવાસી.નારણપુર, તા.ભિલોડાના વતની છે. નારણપુર ગામમાં ડાહ્યાભાઈ પાંડોર,ખેડુતના ઘર પાસે સંતાઈ રહેલા નવયુવાન ઈસમોને ડાહ્યાભાઈએ કહ્યું કે અહીં અંધારામાં કેમ સંતાઈ રહ્યા છો?તેમ કહેવા જતાંની સાથે જ આ બંન્ને નવયુવાનોએ ડાહ્યાભાઈ પાંડોરને મોઢાના ભાગે લાફો મારી ફેંટ પકડી નીચે પાડી દઈ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકાના નારણપુર ગામના વૃધ્ધ ડાહ્યાભાઈ રામજીભાઈ પાંડોરએ આ બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

ભિલોડા તાલુકાના નારણપુર ગામના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ આ બંન્ને નવયુવાનો સિવાય નારણપુર ગામમાં દારૂના રવાડે ચડેલા નવયુવાનો પ્રજાજનો સાથે રીતસરની દાદાગીરી કરી પ્રજાજનોને હેરાન-પરેશાન કરી રહ્યા હોવાનું લોકમુખે જાણવા મળેલ છે. નારણપુર ગામમાં ઠાકોર સમાજની વસ્તી ધરાવતા વિસ્તારમાં ઠેર-ઠેર દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. દારૂડીયાઓ બિન્દાસ્ત રીતે દારૂની પોટલીઓ હોશેં-હોશેં પીતા હોય છે.નારણપુર ગામના પાદરે બેસી દારૂનો નશો કરી છાકટા બની રાત્રીના સુમારે નારણપુર ગામ તરફ અવર-જવર કરતા પ્રજાજનોને હેરાન-પરેશાન કરી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. ભિલોડા પોલીસ તંત્ર ધ્વારા સત્વરે આ દારૂડીયાઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેમ નારણપુર ગામના ગ્રામજનોની પ્રબળ લોકમાંગણી છે.

રાજયમાં ચૂંટણીના ધમધમાટને પગલે ઠેર ઠેર વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ચિલોડા-હિંમતનગર હાઈવે પર આવેલ મજરા ત્રણ રસ્તા પાસે ચૂટણી પંચના આદેશથી સ્ટેટીક સર્વેલન્સની ટીમ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાના પ્રાંતિજ મતક્ષેત્રના કાર્યાલયનું ઉદ્ઘાટન મહેન્દ્રસિંહ વાઘેલા બાયડના ધારાસભ્યના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્ર સિંહ બારૈયા, નરેન્દ્રભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ સામાજિક સમિતિના કેશુભાઈ રાઠોડ સહીતના આગેવાનો-કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ધાનેરા નજીક સંત વજેપુરીજી મહારાજનો જીવંત ભંડારો યોજાયો

ધાનેરા નજીક આવેલ છાપર ખાતે અચલપુરી મહારાજની પાવન જગ્યાના સંત વજેપુરીજી મહારાજનો જીવંત ભંડારો તાજેતરમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં દૂર-દૂરથી સાધુ સંતો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા અને મહારાજના આશીર્વાદ લીધા હતા

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરામાં ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ મતદાન જાગૃતિ કેમ્પ યોજાયો

આગામી લોકસભાની ચૂંટણીમાં જંગી મતદાન થાય તે હેતુસર બનાસકાંઠાના ધાનેરામાં ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ મતદાન જાગૃતિ કેમ્પ યોજાયો હતો. જેમાં અધિકારીઓએ મતદારોને જરૂરી માર્ગદર્શન અને માહિતી આપી હતી. (તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧